



## ધનસુરામાં ધોધમાર વરસાદ : એક કલાકમાં ૧.૫ ઇંચ વરસાદ

અરવલ્લીના ધનસુરામાં એક કલાકમાં ૧.૫ ઈંચ વરસાદ ખાબકતા બજારોમાં પાણી ભરાયા, ટ્રાફિક જામ પણ સર્જાયું, ધનસુરાના બજાર, પરબડી અને બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાણી ભરાયા હતા. ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદ થયો હતો.

# હિંમતનગરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

### એક કલાકમાં ૪૪ મીમી.થી વધુ વરસાદ : સતત પડેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

### હિંમતનગર સિવાયના વિસ્તારો કોરા ધાકોર રહ્યા : વરસાદ બાદ ઉકળાટ વધ્યો : વધુ વરસાદની શકયતા

હિંમતનગર, તા.૨૫

દક્ષીણ ગુજરાતમાં પડી રહેલા સાંબેલાધાર વરસાદથી સમગ્ર વિસ્તાર જળબંબાકાર બની ગયો છે. ત્યારે ઉત્તર ગુજરાત વરસાદની ચાતક નજરે રાહ જોઈને થાકી ગયો છે. ત્યારે સોમવારે બપોર બાદ વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં જોરદાર પવન સાથે વરસાદ ખાબક્યો હતો. જેના કારણે એક કલાકમાં અંદાજે ૪૪ મી.મી. એટલે કે બે ઈંચ વરસાદ વરસતા થોડોક સમય વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી જવા પામી હતી. જો કે જિલ્લાના અન્ય વિસ્તારોમાં વરસાદ ન થતા લોકોમાં નિરાશા પ્રસરી છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે છેલ્લા ત્રણ દિવસથી લોકો દિવસ દરમિયાન અસહ્ય બાફ અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે ત્યારે સોમવારે બપોર બાદ હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પાંચેક વાગ્યાના સુમારે જોરદાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો. જેના કારણે બાફનું પ્રમાણ ઘટી જવા પામ્યુ હતુ. હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પડેલા વરસાદના કારણે નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યુ હતુ.



વરસાદને કારણે ટાવરરોડ, પાંચબત્તી, જુના બજાર સહિત અન્ય વિસ્તારોમાં પડી રહેલા વરસાદને કારણે નાના ભુલકાઓએ વરસાદમાં ભીંજાઈ જઈને પ્રથમ વરસાદની મજા માણી હતી. ડિઝાસ્ટર વિભાગના સૂત્રોના જણાવાયા મુજબ હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં વરસાદે કરેલી ધમાકેદાર એન્ટ્રીને કારણે પંથકમાં એક કલાકમાં ૪૪ મી.મી. થી વધુ વરસાદ પડ્યો હતો.

જો કે જિલ્લાના અન્ય સ્થળે વરસાદનો છાંટો પણ પડ્યો ન હોવાને કારણે લોકોમાં નિરાશા પ્રસરી છે. છતાં હવામાન વિભાગના જણાવાયા મુજબ આગામી થોડા દિવસોમાં સમગ્ર સાબરકાંઠામાં સર્વત્ર વરસાદ પડવાની આગાહી કરાઈ રહી છે. જો આગામી થોડા દિવસોમાં સંતોષકારક વરસાદ થશે તો તેના કારણે ઈડર, વડાલી, હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના અન્ય વિસ્તારોમાં ખેડૂતોએ કરેલ આગોતર કપાસના પાકને ફાયદો થશે.

# પાલનપુરના મફતપુરા વિસ્તારમાં ગંદકીના મુદ્દે પાલિકામાં હલ્લાબોલ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના અણઘડ વહીવટને લીધે પાલનપુર શહેર નર્કાગાર બન્યું છે. ભૂગર્ભ ગટર ઉભરાતા ગટરનું ગંદુ પાણી મફતપુરા વિસ્તારમાં ભરાઈ ગયુ છે. ગંદકીથી ત્રસ્ત લોકો દોજખ ભરી જિંદગી જીવી રહ્યા છે. ત્યારે આજે સ્થાનિક રહીશો નગરપાલિકા કચેરીએ ધસી આવી હોબાળો કર્યો હતો.



ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં સ્વચ્છતા અભિયાનના ધજીયા ઉડી રહ્યા છે. પાલનપુરના મફતપુરા વિસ્તારમાં છેલ્લા આઠ માસથી ભૂગર્ભ ગટરનું ગંદુ પાણી ઉભરાઈ રહ્યું છે. જેને પગલે સમગ્ર વિસ્તાર ગંદકીમાં ગરકાવ થઇ ગયો છે. વારંવારની રજૂઆતો તંત્રના બહેરા કાને અથડાઈ પરત ફરી છે. ત્યારે આજે સ્થાનિકોએ નગર પાલિકા કચેરીએ ધસી જઈ ભારે હોબાળો મચાવ્યો હતો.

પાલનપુરના મફતપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાય માસથી ગંદુ પાણી ભરાઈ રહ્યું છે. શાળાએ જતા બાળકોને પણ આવવા જવામાં અગવડ પડી રહી છે. ત્યારે ગંદકીથી ત્રસ્ત થયેલા મફતપુરા વિસ્તારના લોકો નગરપાલિકાએ



પહોંચી ગયા હતા. જ્યાં ઉગ્ર સુત્રોચ્ચાર વચ્ચે જવાબદાર શાસકોનો ઘેરાવ કરી બળાપો ઠાલવ્યો હતો.

જોકે, મફતપુરાના લોકોની સમસ્યા અંગે અજાણ હોવાનું પાલિકાના ઓફીસ સુપ્રિટેન્ડન્ટ આર.કે.પરમાર જણાવી રહ્યા છે. ત્યારે આઠ માસથી પાણી ભરાવાની રજુઆત છતાં આજે સુપ્રિટેન્ડેન્ટ પોતાની ટીમ મોકલી અને સ્થળ સ્થિતિની ચકાસણી કરવાનું બહાનું કાઢી અને સ્થાનિકોને લોલીપોપ આપી હતી.

ગંદકીથી ત્રસ્ત મફતપુરા વિસ્તારના લોકોએ હલ્લાબોલ કરતા પાલિકા પ્રમુખ અશોક ઠાકોર પણ પોતાની ચેમ્બરમાંથી બહાર દોડી આવ્યા હતા. જેઓએ ભૂગર્ભ ગટર લાઇનનું કામ ચાલુ હોઈ ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાનું પણ કબૂલ્યું હતું. જોકે, પાલિકા પ્રમુખે સત્વરે સફાઈ થઈ જશે તેમ કહી સ્થાનિકોને રવાના કર્યા હતા.

આમ, પાલિકાના અણઘડ વહીવટને પગલે સમગ્ર શહેર ગંધાઈ ઉઠ્યું છે. અને રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે નગરપાલિકા ચોમાસા પૂર્વે સફાઈ ઝુંબેશ હાથ ધરે તેવી માંગ ઉઠી છે.

# પ્રાંતિજના તાજપુરમાં વેપારીનું અપહરણ કરી ૧૦ લાખની ખંડણી બાદ વેપારીનો છુટકારો

### વેપારી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ચાર અપહરણ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ : વેપારીનો આઠ કલાક બાદ ખંડણી મલ્યા બાદ છુટકારો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર કૂઈથી વેપારીને વિશ્વાસમાં લઇ કારમાં બેસાડી લઈ જઈ તેનું અપહરણ કરી તેની પાસે રહેલ ૧૧૫૦ ની લુંટ કરી ગડદાપાટુનો માર મારી ૫૦ લાખની ખંડણી માંગી ૧૦ લાખની ખંડણી લઈને વેપારીને મુક્ત કર્યો.

પ્રાંતિજના તાજપુર કૂઈ ખાતે રહેતાં સુશીલકુમાર રામકુમાર શર્મા ઉ.વર્ષ- ૩૭ કે જેવો કિષ્ણા એન્જીનીયરીંગ વર્કસ નામનું ટ્રેક્ટર ટ્રેઈલર તથા ટેન્કર બનાવવાનું કારખાનું છે ત્યારે અપહરણ કારીઓ ગ્રાહકના વેશમાં આવી પહેલા વેપારીને ફોન દ્વારા કહ્યું કે તમે ક્યા છો મારે ત્રણ ટેન્કર બનાવવાનાં છે. પછી વેપારીને ફોન કરી પ્રાંતિજ ત્રણ રસ્તા બોલાવી વેપારી તેની બોલરો ગાડી જીજે.૯.બીબી-૧૪૪૨ સાથે લઈ આવી તેમાં બે માણસ બેસી ગયાં ને આગળ ભીલોડા તરફ લઈ જઈ કોતરો જેવાં વિસ્તારમાં ગાડી ઉભી રખાવી ચાર અપહરણકર્તાઓ ભેગાં થઈને તેના ફોન છીનવી તેની પાસે રહેલ પર્સ લઈને તેમા રહેલ ૧૧૫૦ કાઢી લઈને લુંટ કરી તથા અન્ય ત્રણ જણાએ વેપારીને હાથપગ બાંધી ગડદાપાટુનો મારમારી મારી નાંખવાની ધમકી આપી વેપારી પાસે ૫૦ લાખની ખંડણી માંગી અને વેપારીને તેના ફોન દ્વારા જાતે તે ઘરે તથા સંધાસબધીઓ પાસે ખંડણી ની રકમ પેટે રૂપિયા માંગવાની વાત કરતા વેપારીએ ઘરે તથા મિત્રો પાસે



અપહરણકારીઓના બોલાયા પ્રમાણે રકમ માંગતા તેવોના મિત્ર પાસે રજુઆત કરતાં વડવાસાના પ્રહલાદભાઈએ એટલી રકમ તો નહીં થાય પણ આજુબાજુમાં થઈ દસ લાખની વાત કરતાં અપહરણકરતાં માની ગયાં હતાં અને વેપારીને કીધું અમે કહીએ તેમ તુ ફોન કર કે હું થોડું કામ છે જેથી મારા સંબધીઓને તમારે ત્યાં મારી બોલરો ગાડી લઈને મોકલું છું તમે આપી દેજો તેવું ફોન ઉપર કહેવડાવી અપહરણકર્તાઓએ વેપારી સુનીલ કુમારને તેવોની ઈકો કારમાં લઈ ને બેસી રહ્યાં અને બે જણાં વડવાસા ખાતેથી વેપારીના મિત્રના ઘરેથી દસ લાખ લઇ આવી ને તેને તેની ગાડી બોલેરો સાથે છોડી મુકયો હતો તો બંધક વેપારી તેના કારખાને પહોંચી તેના ભાઈઓ તથા મિત્રો સંધાસબધીઓને વાત કરતા પરીવાર તથા સંગાસંબધીઓ ચોકી ઉઠયા હતાં અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં દોડી આવ્યાં હતા અને ફરીયાદી કારખાનાં માલિક સુનીલકુમાર શર્માની ફરીયાદના આધારે રાકેશ તથા અન્ય ત્રણ સહિત ચાર અંજાવ્યા અપહરણકારો સામે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ પ્રાંતિજ પી.આઈ. વી.આર. ચાવડા દ્વારા હાથ ધરવામા આવી છે.

# પ્રાંતિજના વરલી મટકાના કેન્દ્ર પર દરોડો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે જાહેરમાં ચાલતાં વરલી મટકા કેન્દ્ર ઉપર ગાંધીનગર આર.આર.સેલ દ્વારા દરોડો પાડીને ૪૮૭૦ની રોકડ રકમ સહિત બે ની અટકાયત કરી હતી. પ્રાંતિજના ગલેચી નાની ભાગોળ ખાતે જાહેરમાં ચાલતાં વલ્લી મટકાનો આંકડાનો જુગારધામ ઉપર ગાંધીનગર આર.આર.સેલ દ્વારા અચાનક રેડ કરતાં વરલી મટકાની જુગારની રકમ ૪૮૭૦ સહિત આંકડાકિય જુગારનુ સાહિત્ય સહિત આર.આર.સેલ ગાંધીનગર દ્વારા અયુબમીયા હુસેનમીયા ભટ્ટી રહે. ભટ્ટી વાસ, પ્રાંતિજ તથા અસલમખાન હુસેનખાન પઠાણ રહે. સુમરાવાસ, પ્રાંતિજની અટકાયત કરી ગુનો નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# શિહોરી-દુગાવાડા હનુમાનજી મંદિર ખાતે ગુજરાત એપ્રેન્ટીસ લાઈનમેન એસોસિએશનની મીટીંગ યોજાઈ

કાંકરેજ, તા. ૨૫

કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરી ખાતે આવેલ દુગાવાડા હનુમાનજી મંદિર ખાતે ગુજરાત એપ્રેન્ટીશ લાઈનમેન એસોસીએશનની મીટીંગ પ્રમુખ પિયુષ પટેલની અધ્યક્ષસ્થાને આપ્યુ હતુ. ૩-૪-૧૮ના રોજ પાટણ કલેક્ટરને આવેદન, ૫-૪-૧૮ના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી, ઉર્જામંત્રી સૌરભ પટેલ, કલેકટર ગાંધીનગર, કલેકટર વડોદરા શહેર અને ૧૭-૫-૧૮ના રોજ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ સિક્યુરીટી લીસ્ટ પ્રમાણે ૧૦૦ ટકા મહત્તમ ભરતી કરવી, જેટકોનું આઉટસોર્સીંગ સદંતર બંધ કરવુ જેવા ઘણાબધા મુદ્દાઓ સાથે માંગણીઓ કરી હતી અને ૨૪-૬-૧૮ના રોજ શિહોરી ખાતે સભામાં એપ્રેન્ટીસોએ વિજય રૂપાણી હાય



યોજાઈ હતી. જેમાં ૨૦૧૨માં રાજકોટ ખાતે એક મીટીંગમાં મુખ્યમંત્રીએ જીઈબીના ૫૦૦ જેટલા એપ્રેન્ટીસોને 'હેન્ડ ટુ હેન્ડ' ઓર્ડરો આપ્યા હતા. પરંતુ ૨૦૧૩માં સિન્યોરીટી સિસ્ટમ બંધ કરી પરીક્ષા સિસ્ટમ અપનાવતા અન્યાય કર્યો હોવાની બુમરાડો ઉઠવા પામી હતી. ત્યારે તા. ૪-૪-૧૮ના રોજ યુ.જી.વી.સી.એમ અને જેટકો મહેસાણાને આવેદન પત્ર લિમિટેડના એમ.ડી. પંકજ જોષીને પણ લેખિત રજુઆતો કરી.

એપ્રેન્ટીસ લાઈનમેનની પરીક્ષા પાસ કર્યા બાદ વિદ્યુત શહાયક ઈલેકટ્રીક આસિસ્ટન લાઈનમેનની લેખિત તથા પોલ ટેસ્ટ પરીક્ષા બંધ કરવા વિનંતી કરેલ, જે એપ્રેન્ટીસ લાઈનમેનની વયમર્યાદા પૂર્ણ થવાના અંતમાં છે તેવા લાઈનમેનોને પહેલા ઓર્ડરોમાં અગ્રીમતા આપવામાં આવે, હાય, સૌરભ પટેલ હાય હાયના નારા લગાવ્યા હતા અને આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈ સરકાર દ્વારા ગુજરાત એપ્રેન્ટીસ એસોસીએશનને કેવો ન્યાય આપશે તે આવનાર સમય બતાવશે. પરંતુ અત્યારની આ સભામાં એપ્રેન્ટીસ લાઈનમેનો આંદોલનના મુડમાં દેખાયા હતા અને પોતાના ઉપર થતા શોષણ અંગે ચિંતીત જોવા મળ્યા હતા.





## મોડાસાના ભવાનપુર પાટિયા નજીક કારની અડફેટે ૩ ભેંસોના મોત

મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર સોમવારે સવારના સુમારે મોડાસાથી હિંમતનગર તરફ જતી બેકાબુ કારના ચાલકે રોડ પરથી પસાર થતા ભેંસોના ટોળાને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારની ટક્કરે ૨ ભેંસોના મોત ઘટનાસ્થળે નિપજ્યા હતા અન્ય ગંભીર ઈજાગ્રસ્ત ભેંસે પણ દમ તોડી દેતા કુલ મૃત્યુ આંક ૩ થયો હતો. કાર અકસ્માત સર્જી રોડ સાઈડ ખાડામાં ઉતરી પડી હતી. કારના આગળના ભાગનો ભુક્કો બોલાઈ ગયો હતો. કારચાલક અને કારમાં મુસાફરી કરનાર વ્યક્તિનો આબાદ બચાવ થયો હતો અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. કારની ટક્કરે ૩ ભેંસોના મોત નિપજતા પશુપાલક પર આભ તૂટી પડ્યું હતું. અકસ્માતની ઘટના મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાઈ ન હોતી.

## ખેડબ્રહ્મા પોલીસે દારૂ ઝડપ્યો

ખેડબ્રહ્મા પોલીસ સોમવારે પેટ્રોલિંગમાં હતી ત્યારે ખેડવા ચેક પોસ્ટ પર વાલજીભાઈ રણછોડભાઈ પારધી રહે. પાથોરા અને દેવજીભાઈ હદાભાઈ ગમાર રહે. બાંડીયાના તળાવ પોતાના બાઈક ન. જી.જે.૯.એ.એમ.૫૩૯૫ લાઈ થેલામા ઈંગ્લીશ દારૂ રૂ. ૮૪૦૦નો વગર પાસ પરમીટ દારૂની હેરાફેરી કરતા પકડાઈ ગયા હતા.



# શામળાજી પોલીસે વેણપુર નજીક ટેમ્પોમાં લસણના કટ્ટાની આડમાં સંતાડીને લવાતો ૧૦.૪૪ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા વેણપુર ગામની સીમમાંથી શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી.નં.-એચઆર.૬૮એ.૭૯૩૫)માં લસણ ભરેલી પ્લાસ્ટિક બેગની આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસપરમિટનો વિદેશી દારૂની પેટી-૨૯૦ જેમાં કુલ બોટલ નંગ-૩૪૮૦ જેની કીં. રૂ. ૧૦૪૪૦૦૦નો દારૂ જપ્ત કરી ટેમ્પો ચાલક નવનીત સંજય છેત્રી (રહે. ૧૯૭૮ ગ્રાઉન્ડ ફ્લોર સ્મોલ ફ્લેટ ધનાસ, ચંદીગઢ)ની ધરપકડ કરી ટેમ્પાની કીં. રૂ.૧૦૦૦૦૦૦ તથા તાડપત્રી રસ્સી કીં. રૂ.૧૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કીં. રૂ.૫૦૦ મળી કુલ રૂ.૨૦૪૫૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ટેમ્પોમાં વિદેશી દારૂ ભરી આપનાર લકી (રહે. માદ્રી ચોક, પંચ કુલ્લા) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી દારૂ ભરી આપનાર બુટલેગરની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# રાજપુર શાળા નં. ૧માં પ્રવેશોત્સવની ઉજવણી

રાજપુર પ્રા. શાળા નં. ૧માં ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાના અધ્યક્ષસ્થાને પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પૂર્વ ભાજપા જિલ્લા પ્રમુખ મહેશ દવે, રાજપુરના કોર્પો. ગીતાબેન પઢિયાર, દીપકભાઈ પઢિયાર તથા અશોકભાઈ, વિપુલભાઈ, બીઆરસી કો. ઓર્ડિ. અલ્પેશભાઈ પ્રજાપતિ, સીઆરસી કો. ઓર્ડિનેટર્સ શિક્ષકો વાલીઓ અને દાતાઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજપુર-૧ના ૫૯ બાળકો તથા રાજપુર-૨ના બાળકોએ ધો. ૧માં પ્રવેશ મેળવ્યો હતો. બન્ને શાળાઓના બાળકોએ વિવિધ સાં. કાર્યક્રમ રજૂ કર્યો હતો. ભોપાનગર મામીવાસના યુવાનો દ્વારા શાળાના બાળકોને ૩૦૦ થાળી, વાટકી ભેટ આપી હતી. તેમનું ધારાસભ્ય દ્વારા સન્માન કરાયું હતું. રાજપુર શાળા નં. ૧ ને અનુપમ શાળાનો એવોર્ડ મળેલ તે બદલ ધારાસભ્યએ અભિનંદન આપી તમામની કામગીરીની સરાહના કરી હતી.

